
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ મિથુન**

**આજના ગ્રહોની કુંડળી**




**હોળાષ્ટક ચાલે છે. શુભ કાર્યો ન થઈ શકે. ચાંડાલ યોગ ચાલુ છે. મીનારક કમૂરતાં ચાલે છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** તમારી રાશિના ભાગ્ય સ્થાનને ચંદ્ર - ગુરુ દ્રષ્ટિ કરે છે - ખૂબ જ સારો યોગ છે. આઠમા મંગળ શનિની ખરાબ અસરો દૂર કરે છે. અગિયારમે બુધ શુક્ર પમ તમારો દિવસ આનંદમાં પસાર કરશે. દિવસ આનંદમય જશે.

**વૃષભ** સાતમે મંગળ - શનિની ખરાબ અસરોથી મગજ ક્રોધિત રહે. પરંતુ દસમે બુધ - શુક્રની યુતિ જે ગુરુથી દ્રષ્ટ છે જેનાથી તમારા વ્યવસાયમાં આજે તમોને ઉન્નતિનો માર્ગ દેખાડશે - દિવસ આનંદમાં જાય.

**મિથુન** રાશિમાં ચંદ્ર અને તેનાથી દસમે સૂર્ય એ સારો યોગ ગણાય છે - દસમે સૂર્ય પદપ્રાપ્તિ યોગ કહેવાય છે. છઠ્ઠે મંગળ - શનિનો યોગ - શત્રુ નિવારણ યોગ છે તે પણ ઘણો સારો છે. દિવસ સારો જશે.

**કર્ક** બારમે ચંદ્ર ને નવમે સૂર્ય - આઠમે - બીજે શુભ ગ્રહો - આ બધા યોગો આજના દિવસે તમોને મિશ્ર ફળ આપનાર દિવસ તરીકે પસાર થાય - દિવસ એવરેજ જાય - ખાસ પ્રસંગો વિના જાય.

**સિંહ** આઠમે સૂર્ય રાશિપતિ છે જેથી તમારે સાવચેતીથી દિવસ પસાર કરવો જરૂરી છે - દાઝવા - પડવા - વાગવાથી સાચવવું જરૂરી છે. ચોથે શનિ - મંગળનો યોગ પણ ખરાબ છે - દિવસ સાચવીને પસાર કરશો.

**કન્યા** દસમે ચંદ્ર અને સાતમે સૂર્ય એ બંને મન અને આત્માના પ્રતીક ગ્રહો તમારી રાશિ ઉપર અસર કરે છે તેથી આપના માનસિક - આત્મીક બળને વધારીને આપની પ્રતિભાને નિખરવામાં મદદરૂપ થશે.

**તુલા** સંતાન ભુવન પ્રબળ બને છે માટે શુભગ્રહોની અસરો હેઠળ આપના સંતાનો વધુને વધુ પ્રગતિ કરશે. તેઓના તરફના બધા જ પ્રશ્નો ધીરે ધીરે હલ થવા માંડશે - આનંદમય દિવસ જશે.

**વૃશ્ચિક** હવે આપની તંદુરસ્તી સુધરશે - રાશિમાં રાશિપતિ મંગળ હવે અંશાત્મક પ્રબળ બની રહ્યો છે જેથી શનિની ખરાબ અસરો હવે ધીરે ધીરે ઓછી થવા માંડશે - દિવસ સારો જશે.

**ધન** સાતમે ચંદ્ર આપને આજે નવી રચના કરવાના વિચારો આપશે - નવું સાહસ કરવા વિચારો. સાવધ રહીને બધી જ બાબતોનો વિચાર કરીને જે કાંઈ પગલાં ભરશો તો તેમાં સફળતા ચોક્કસ મળશે.

**મકર** અગિયારમા સ્થાનમાં મંગળ - શનિની યુતિના કારણે તમારો વિજય યોગ - પ્રબળ લક્ષ્મી યોગ થાય છે જેથી આપને આવકના નવા સ્તોત્રો મળશે - ધન લાભ થશે - લોકપ્રિયતા સાંપડશે.

**કુંભ** આપની રાશિમાં બુધ શુક્ર કેતુની યુતિ તેમજ સાતમે ગુરુ છે જેની દ્રષ્ટિથી આપને મિશ્રફળ મળશે. દિવસ સારી નરસી બંને અસરો વાળો જશે - સાવધ રહીને કાર્ય કરશો.

**મીન** રાશિમાં સૂર્ય મીનારક કમૂરતાંથી ગુરુથી પરિવર્તિત હોઈ તમોને ખરાબ ફળ ઓછું મળશે. જો જન્મના ગ્રહો ગુરુ બળવાન હશે તો અટકી અટકીને કામ થશે - ચિંતા કર્યા વિના કર્મ કરે જાશો.




## વડાલી અને હિંમતનગર ખાતે નારી અદાલત અને મહિલા સંમેલન યોજાયું

મહિલાઓના પ્રશ્નોનો સરળતાથી હલ કાઢી શકાય અને બિન સરકારી ઔપચારીક ન્યાય પ્રણાલિકા વિષે જાણકારી આપી શકાય તેવા શુભ આશયથી સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર અને વડાલી ખાતે ગુજરાત રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષા શ્રીમતી લીલાબેન અંકોલીયાની અધ્યક્ષતામાં મહિલા સંમેલન અને નારી અદાલત યોજાઈ હતી. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ટાઉનહોલ ખાતે યોજાયેલ સંમેલનમાં મહિલાઓને પોતાના હક્કો વિશે જાણકારી આપતા શ્રીમતી લીલાબેન અંકોલાયીએ જણાવ્યું હતું કે, રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે સર્વ પ્રથમ વાર જેન્ડર બજેટની જોગવાઈ કરી છે. જેમાં મહિલાઓને વધુ પ્રાધાન્ય આપ્યુ છે. ચાલુ સાલના બજેટમાં ૧૩૨થી વધુ યોજનાઓ માત્ર મહિલાઓ માટેની જ છે. મહિલા આયોગ દ્વારા થયેલ કામગીરીની વિગત આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં હાલ ૧૫૧ નારી અદાલતોની શરૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત આગામી સમયમાં વધુ નવિન ૭૫ નારી અદાલતો શરૂ કરવામાં આવશે. તેમણે નારી અદાલતમાં આવેલા ૧૪ હજાર પ્રશ્નો પૈકી ૧૦ હજારથી વધુ સમસ્યાઓનું સુખદ નિરાકરણ લાવ્યા હોવાનું પણ જણાવ્યું હતું.

# શ્રી સંતરામ મંદિરના મહંત પૂ.રામદાસજી ડી.લિટ્ પદવીથી સન્માનિત કરાયા

**સોમનાથની સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા વિશેષ પદવી નડિયાદ મંદિરના પ્રાંગણમાં સંતો-મહંતોની ઉપસ્થિતિમાં અર્પણ કરાઈ - ગુજરાતી ભાષા આપણી મા છે, જ્યારે હિન્દી ભાષા માસી છે જ્યારે સંસ્કૃત ભાષા આપણી દાદી છે પરંતુ અંગ્રેજી ભાષા રુપાળી પડોશણ છેઃ ભાગ્યેશ જહા**

નડિયાદ,તા.૧૫

ખેડા જિલ્લાના નડિયાદ શહેરના સુપ્રસિદ્ધ સંતરામ મંદિરના અષ્ટમ મહંત પૂ.રામદાસજી મહારાજને આજે સોમનાથની સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા ડી.લિટ્‌ની વિશિષ્ટ પદવીથી સન્માનીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિ શ્રી ચૌધરીએ સ્વયં ઉપસ્થિત રહીને દિવ્ય અને પાવન જ્યોતની સમક્ષ પૂ.મહારાજશ્રીને આ પદવી એનાયત કરતા નડિયાદ શહેરના સૌ પ્રજાજનો સહિત સમગ્ર ગુજરાતના સંતો-મહંતો સહિત વિવિધ સંપ્રદાયના અગ્રણીય સંતો અને કથાકારો પણ ભાવવિભોર બની ગયા હતા.

આ પ્રસંગે પૂ.મહારાજશ્રીને જ્યારે પદવી અર્પણ થઈ તે પ્રસંગે પદ્મશ્રી એવોર્ડ માટે પસંદગી પામેલા બ્રહ્મશ્રી આશ્રમના પ્રણેતા પૂ.ડાહ્યાભાઈ શાસ્ત્રીએ આ પદવી સંદર્ભે જણાવ્યું હતું કે, સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા એક ગુજરાતમાં અને બીજી ગુજરાત બહાર આ પ્રકારે પદવી એનાયત કરવામાં આવે છે આજે નડિયાદના સંતરામ મંદિરના મહંતશ્રીને મહામહોપધ્યાયની પદવી જે પ્રાપ્ત થઈ રહી છે તે ગૌરવને પાત્ર છે.

આ પ્રસંગે અમદાવાદ જગન્નાથ મંદિરના મહંત પૂ.દિલીપદાસજી મહારાજે જણાવ્યું હતું કે, અનેક જન્મોના પુણ્યોદય થકી જ આવી પદવી પ્રાપ્ત થતી હોય છે. સંતના આશિર્વાદ મળે છે ત્યારે પદવીઓ પણ અભિનંદનને પ્રાપ્ત બની જાય છે.

આ પ્રસંગે સુપ્રસિદ્ધ ભાગવત કથાકાર ભુપેન્દ્રભાઈ પંડ્યાએ આ પદવી પૂ.રામદાસજી મહારાજને મળી રહી છે તે બહુશ્રુત છે. પોતાના સ્વાનુભવોથી વેદ, પુરાણ અને મહાભારતના શાસ્ત્રોને જેમણે જાણ્યા અને પચાવ્યા છે અને તેનું સમાજમાં સતત સંક્રમણ કરી રહ્યા છે તેઓના સન્માનથી અમો પણ ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

આ પ્રસંગે સાંસદ દેવુસિંહ ચૌહાણે આજના પ્રસંગે પોતાની જાતને પરમ ભાગ્યશાળી ગણાવતાં જણાવ્યું હતું કે, સેવા, સંસ્કૃતિ અને સમર્પણની સદાય ભાવનાથી આ મંદિરનું રેકોર્ડેમેશન થયું છે. તે મહંતશ્રીના આશિર્વાદને આભારી છે. મહંતશ્રીને મળેલી પદવી એ ખરેખર પદવીનું સન્માન છે. રાજ્ય અને ભારત સરકાર પણ આ સંદર્ભે આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે.

આ પ્રસંગે પૂર્વ કેન્દ્રીયમંત્રી દિનશા પટેલે જણાવ્યું હતું કે મંદિરનો ૧૯૦ વર્ષનો ઈતિહાસ છે. આ ઈતિહાસને આપણે જ્યારે વાગોળીએ છીએ ત્યારે આ ડી.લિટ્‌ની પદવી જાણે નાની હોય તેમ લાગી રહ્યું છે. સંસ્કાર અને સંસ્કૃતિનો સમન્વય અત્રેથી સૌને પિરસાઈ રહ્યો છે. વિશ્વમાં ૬૦૦૦ ભાષાઓ છે અને દેશમાં ૧૨૨ ભાષાઓમાં પણ સંસ્કૃત મહાન ભાષા તરીકે આલેખાયેલી છે.

આ પ્રસંગે સાહિત્યકાર અને પૂર્વ સચિવ તથા સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ પોતાનું સમગ્ર પ્રવચન સંસ્કૃતમાં કરી અને સંતરામ મહારાજશ્રી, ગાદી તથા પૂ.રામદાસજી મહારાજની યશોગાથાનું વર્ણન કર્યુ હતું. દિવ્યજ્યોતિની પૂજાના આશિર્વાદથી શરીરમાં નવીન ચેતના પ્રસારીત થઈ હોવાનું પણ તેઓએ આર્વિભાવ વ્યક્ત કર્યો હતો. જેના પરિણામે ઉપસ્થિત મેદનીએ તેઓને તાલીઓના ગડગડાટથી વધાવી લીધા હતા.

આ પ્રસંગે સંત સમિતિના અધ્યક્ષ પૂ.નૌતમપ્રકાશદાસજી સ્વામીએ પૂ.બ્રહ્માનંદજીના અવતરણને ટાંકીને જણાવ્યું હતું કે, જ્યારે પૂ.ભગવાન શ્રી મોરારીને મળવાની ઈચ્છા થાય ત્યારે પૂ.રામદાસજીને મળી લેવું જોઈએ આ પદવી જે અર્પણ થાય છે તે દિવ્ય સંત જગતનું સન્માન છે અને તે બદલ તેઓએ યુનિવર્સિટીને અભિનંદન આપ્યા હતા.




આ પ્રસંગે ડીડી યુનિવર્સિટીના કુલપતિ ડો.હર્ષદભાઈ દેસાઈ, ચાંગા યુનિવર્સિટીના કુલપતિ ભરતભાઈ ભટ્ટ વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા તથા ઉપસ્થિત કુલપતિઓનું અને મહાનુભાવોનું એવોર્ડ અને શાલ અર્પણ કરીને સન્માન કરાયું હતું. આ પ્રસંગે સંસ્કૃતના વિદ્વાન અગ્રણીઓ પૂ.ભરતદાસજી મહારાજ, ગણેશદાસજી મહારાજ, શુકદેવપ્રસાદજી, કિરણભાઈ, નગરપાલિકા પ્રમુખ હિતેશભાઈ પટેલ સહિત અનેક સંતો મહંતો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સ્કોર્પિયોમાં આવેલા છ ઈસમોએ ભાન્ડુ નજીક આંગડીયા પેઢીના બે કર્મચારીઓ પાસેથી ૨૦ લાખની રોકડની દિલધડક લૂંટ ચલાવી ફરાર

મહેસાણા, તા.૧૫

ઊંઝા-મહેસાણા ફોર લેન હાઈવે પર ભાન્ડુ નજીક ડીસાથી એસ.ટી. બસમાં બેસીને અમદાવાદ જઈ રહેલ આંગડીયા પેઢીના બે કર્મચારીઓનું સ્કોર્પિયો ગાડીમાં આવેલા છ અજાણ્યા ઈસમોએ અપહરણ કરી રૂપિયા વીસ લાખ ઉપરાંતની રોકડ રકમ અને પાર્સલોની લૂંટ ચલાવી કયાંક ફરાર થઈ ગયા હતા. આ ચોંકાવનારો બનાવ બનતા સમગ્ર જિલ્લામાં ભારે ચકચાર જાગી છે.

વિગત એવી છે કે બનાસકાંઠાના ડીસા ખાતેની બે આંગડીયા પેઢીના કર્મચારીઓ રાજેન્દ્રસિંહ રાજપૂત અને મહેશભાઈ પટેલ બંને જણા બપોરના સમયે ડીસા-પાદરા એસ.ટી. બસમાં બેસીને અમદાવાદ જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં સાંજના છ વાગ્યાના સુમારે ઉનાવાથી ભાન્ડુ તરફ જતા લક્ષ્મીપુરાના પાટીયા પાસે એક સ્કોર્પિયો ગાડીમાં આવેલ છ અજાણ્યા શખ્સોએ બસ થોભાવી હતી. છ પૈકી ત્રણ પોલીસ જેવા સ્વટેર પહેરેલ ઈસમોએ બસમાં ચઢી જઈ બંને આંગડીયા પેઢીના કર્મચારીઓને બળજબરીપૂર્વક નીચે ઉતારી ગાડીમાં બેસાડી અપહરણ કરી ગયા હતા બાદ લણવાથી બાલીસણા તરફના રોડ પર બંને કર્મચારીઓને લાફા મારી નીચે ઉતારી દીધા હતા ત્યારબાદ તેઓના થેલા જેમાં ૧૫.૫ લાખ અને ૫ લાખની રોકડ રકમ મળી કુલ ૨૦.૫ લાખની રકમ તેમજ પાર્સલ નંગ-૯ અને ત્રણ મોબાઈલ ફોનની લૂંટ ચલાવી કયાંક નાસી છૂટયા હતા.

આ ઘટનાની જાણ થતા મહેસાણા જિલ્લા પોલીસે નાકાબંધી કરાવી લૂંટારૂઓને પકડવાના આદેશ કર્યા હતા પરંતુ લૂંટારૂઓ નાસી જવામાં સફળ રહ્યા હતા. આ બનાવ અંગે આંગડીયા પેઢીના કર્મચારી રાજેન્દ્રસિંહ રાજપૂત રહે. બોકરવાડા તા. વિસનગરની ફરિયાદના આધારે વિસનગર તાલુકા પોલીસે છ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ અપહરણ અને ધાડનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સવગઢ પંચાયતના તલાટી ૧૫૦૦ની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા

હિંમતનગર, તા. ૧૫

હિંમતનગર નજીકના સવગઢ-પાણપુર ગ્રામ પંચાયતના તલાટી ગામના ખેડૂત પાસેથી ૭/૧૨ અને ૮-અ ના ઉતારા પરથી પાણીપત્રક કાઢી આપવાની બાબતે રૂ. ૨ હજારની લાંચની માંગણી કરી હતી. સોમવારે બપોરે તાલાટીએ ખેડૂત પાસેથી રૂ. ૧૫૦૦ની લાંચ સ્વીકારતા એન્ટી કરપ્શન બ્યુરોના ગોઠવેલા છટકામાં રંગે હાથ ઝડપાતા હિંમતનગર એન્ટી કરપ્શન બ્યુરોના અધિકારીઓ તલાટીને ઝડપી લઈ લાંચ રૂશ્વતનો ગુનો દર્જ કરી લીધો છે.

હિંમતનગર નજીકમાં આવેલા સવગઢ-પાણપુર ગૃપ ગ્રામ પંચાયતમાં તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા ફકીરમહંમદ ગુલામનબી મેમણે પાણપુર ગામના જ મહેબુબભાઈ તાંબડીયા નામના ખેડૂત પાસે ૭/૧૨ અને ૮-અ ના ઉતારા અને પાણીપત્રક કઢાવવા અગાઉ ગ્રામ પંચાયતની કચેરીમાં ગયા હતા. તે દરમિયાન તલાટીએ પાણપુરના ખેડૂત પાસે કામ કરી આપવાના મામલે રૂ. ૨૦૦૦ની લાંચની માંગણી કરી હતી. જે પેટે ખેડૂતે અગાઉ રૂ. ૫૦૦ તલાટીને આપી દીધા હતા અને બાકીના રૂ. ૧૫૦૦ આપવા માટે ઉતારા અને પાણીપત્રકની નકલો લેવાના દિવસે આપવાનો વાયદો કર્યો હતો. તલાટી અધિકારીનો સંપર્ક કરતા બ્યુરોના અધિકારીએ સોમવારે પાણપુર ગ્રામ પંચાયતમાં પંચોની હાજરીમાં લાંચનું છટકું ગોઠવ્યું હતું.

સોમવારે બપોરના સુમારે ખેડૂત મહેબુબભાઈ તાંબડીયાએ પાણપુર ગ્રામ પંચાયતમાં જઈ તલાટી ફકીરમહંમદ મેમણને રૂ. ૧૫૦૦ આપતા તલાટી આ લાંચ સ્વીકારતા રંગેહાથ એન્ટી કરપ્શન બ્યુરોના પી.આઈ. એસ.પી. કહારના હાથે ઝડપાઈ ગયા હતા. પંચાયતના તલાટી કમ મંત્રી લાંચના છટકામાં ઝડપાયાની વાત વાયુવેગે ગામમાં પહોંચતા લોકોના ટોળેટોળા પાણપુર ગ્રામ પંચાયતમાં તમાશો જોવા એકત્ર થઈ ગયા હતા. હિંમતનગરના એન્ટી કરપ્શન બ્યુરોના અધિકારીએ તલાટીને ઝડપી લઈ તેની વિરૂદ્ધ લાંચ રૂશ્વત ધારાની કલમો અંતર્ગત ગુનો દર્જ કરી લીધો છે. અત્રે ઉલ્લેખનીય છે કે રૂ. ૧૫૦૦ની લાંચ લેનાર પાણપુરના તલાટી હિંમતનગર સ્થિત મેમણ કોલોનીમાં રહે છે અને નજીકની જ પંચાયતમાં તેઓ ફરજ બજાવતા હતા.




## મોડાસાની પ્રાર્થના વિદ્યાલયની સ્કૂલબસ પલટી : ચાર બાળકો ઈજાગ્રસ્ત

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મદાપુર કંપા ગામની સીમમાં આવેલી પ્રાર્થના વિદ્યાલયની સ્કૂલબસ મોડાસાના મહાદેવપુરા ગામની સીમમાં સ્કૂલબસના ચાલકે પૂરઝડપે ગફલતભરી રીતે હંકારતા રોડ પર પલટી ગઈ હતી. સ્કૂલબસમાં અભ્યાસ કરી પરત જઈ રહેલા ૧૫ વિદ્યાર્થીઓથી ભરેલી સ્કૂલબસ પલટી ખાઈ જતા બાળકોએ ચીસાચીસ કરી મુકી હતી. બસમાં મુસાફરી કરી રહેલા ૪ બાળકો ઈજાગ્રસ્ત બનતા તાબડતોડ ૧૦૮ ઈમજન્સી એમ્બ્યુલન્સ દ્વારા મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ૧ અને ખાનગી હોસ્પિટલમાં ૩ વિદ્યાર્થીઓ સારવાર અર્થે ખસેડાયા હતા. સદનસિબે જાનહાની ટળી હતી. પ્રાર્થનાની સ્કૂલબસ પલટી જવાના સમાચાર વિદ્યાર્થીઓના પરિવારજનો અને વિદ્યાલયના ટ્રસ્ટીઓને થતા તાબડતોડ પહોંચી ગયા હતા. જ્યારે વાલીઓના જીવ પડીકે બંધાયા હતા. સ્કૂલબસની પાછળ એક વાક્ય લખેલુ જોવા મળ્યું હતું કે 'ઈન્કાર પસંદ હે મગર ઈન્તજાર નહિ'ની જેમજ ડ્રાયવરે સ્કૂલબસ હંકારતા અકસ્માતની ઘટના સર્જાઈ હોવાનું લોકોના મુખે ચર્ચાતુ હતુ.

## ઈપીએફઓ ● અનુસંધાન પહેલાનું ચાલુ

કહ્યું છે કે, ઈપીએફઓ માટે આ ખુબ સારી દરખાસ્ત છે. કારણ કે રોડ પ્રોજેક્ટના ઓપરેટ થયા બાદ તેને રેગ્યુલર આવક થઈ જશે. પરિવહન મંત્રાલય દ્વારા ઈપીએફઓને ટોલ ગેરંટીની ઓફર કરી છે. મંત્રાલય આ પ્રકારના બિલ લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા સાથે પણ કરવા ઈચ્છુક છે. આના માટે બંને સાથે વાતચીત અંતિમ તબક્કામાં પહોંચી ચુકી છે. સરકારી અધિકારીએ કહ્યું છે કે, સૈદ્ધાંતિક રીતે ઈપીએફઓ અને એલઆઈસી બંને જંગી ફંડ આપવા માટે તૈયાર થઈ ગયા છે. જો કે, હજુ સુધી શરતો નક્કી કરવામાં આવી નથી. મંત્રાલય દ્વારા ભારતના હાઈવે સેક્ટરમાં રોકાણ કરવા માટે જર્મની, કેનેડા, નેધરલેન્ડના પેન્શન ફંડ સાથે પણ વાતચીત કરી છે.

એક અગ્રણી અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, સરકાર તરફથી તેમને બનાવવામાં આવેલા હાઈવે પ્રોજેક્ટ માટે ઓફર કરાઈ છે. આ પ્રોજેક્ટ ટોલ, ઓપરેટ અને ટ્રાન્સફર મોડલ હેઠળ બનાવવામાં આવશે. અનેક ઈન્ટરનેશનલ ફંડ સાથે પણ વાતચીતના સારા પરિણામ મળ્યા છે. ટીઓટી મોડલ હેઠળ નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના બનાવેલા માર્ગને પ્રાઈવેટ સેક્ટરને ઓફર કરવામાં આવે છે. આના માટે એનએચએઆઈને ફીની ચુકવણી કરવામાં આવે છે. આગામી નાણાંકીય વર્ષમાં માર્ગ મંત્રાલય ૫૦૦૦૦ કિલોમીટરના સ્ટેટ હાઈવેને નેશનલ હાઈવેમાં બદલી નાંખવાની યોજના ધરાવે છે. તે ૧૦૦૦૦ કિલોમીટરના ગ્રીનફિલ્ડ હાઈવે પણ બનાવવા માંગે છે.

## વિધાનસભામાં ગાંધીનગર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

છે અને ૫ બોર પર મશીનરી બેસાડી દેવાઈ છે. માણસા તાલુકામાં ૯નું આયોજન હતુ જેમાંથી ૭ બોરનું સારકામ થઈ ગયેલ છે અને પાંચમાં મશીનરી બેસાડી દીધેલ છે. કલોલમાં ૧૦ બોરના આયોજન સામે ૧૦નું સારકામ થઈ ગયેલ છે. જે સફળ થયેલ છે અને ૮માં મશીનરી ફીટ કરી દેવામાં આવી છે. આમ જિલ્લામાં ૫૧ નવા બોર બનાવવાના આયોજન સામે ૪૧ બોરનું સારકામ પૂર્ણ થયેલ છે જે પૈકી ૨૨ બોર પર મશીનરી પણ ફીટ કરી દેવામાં આવે છે.

કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે એવી રજૂઆત કરી હતી કે પિયજમાં પાણી શુદ્ધિકરણનો પ્લાન્ટ છે. પણ ત્યાં મૃત પશુઓ તળાવમાં પડેલા હોય છે એટલે આ બધા માટે ચિંતાનો વિષય છે એટલે પ્લાન્ટની અંદર ગંદકી ના ફેલાય તે માટે સરકારે પગલાં લેવા જોઈએ. બીજુ બોર બનાવ્યા પછી જી.ઈ.બી. કનેકશન આપતુ નથી.

મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે આવી કોઈ હકીકત તંત્રના ધ્યાને નથી. પરંતુ સભ્યની રજુઆતને ધ્યાને લઈ આજે જ તપાસ કરાવીશુ. બીજુ વીજ કનેક્શન માટેની માંગણી પંચાયત લેવલે કરવાની હોય છે એટલે કદાચ વિલંબ થયો હશે પણ તમે ધ્યાન દોરજો તંત્ર પાણી પહોંચાડવા માટે કટિબદ્ધ છે.

ભાજપના શ્રી શંભુજી ઠાકોરે જિલ્લામાં જૂથ પાણી પુરવઠાઓ કાર્યરત છે અને કેટલા ગામો સમાવાયા છે તેવા પુછેલા પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે ચાર જૂથ પાણી પુરવઠા યોજનાઓ કાર્યરત છે. એસ.એસ.ડબલ્યુ.જી-૧ માં ગાંધીનગર તાલુકાના ૩૧ ગામો, એસ.એસ.ડબલ્યુ.જી.-૨ માં એમાં ગાંધીનગર અને દહેગામના ૧૩૧ ગામ અને એક શહેરનો સમાવેશ થાય છે. એસ.એસ.ડબલ્યુ.જી.-૩ એમાં માણસા તાલુકાના ૬૨ ગામોનો સમાવેશ થાય છે. એમ-૧.પી. ૨ એમાં કલોલ તાલુકો ૬૭ ગામ અને ૩ શહેરનો સમાવેશ થાય છે. આમ ૨૯૧ ગામ અને ૪ શહેરોનો આ જૂથ પાણી પુરવઠા યોજનામાં સમાવેશ થાય છે.

● **દહેગામ તાલુકામાં સંપ**

કોંગીના કામિનીબા રાઠોડે દહેગામ તાલુકામાં પાણી પુરવઠા વિભાગ દ્વારા કેટલા ગામોમાં સુઝલામ સુફલામ યોજના હેઠળ સંપ બનાવાયા તેવા પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં પાણી પુરવઠા મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૧-૧-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એક પણ સંપ સુજલામ સુફલામ યોજના હેઠળ નથી બનાવાયા. પરંતુ અન્ય કાર્યક્રમ હેઠળ ૭ ગામોમાં ૭ સંપ બનાવવામાં આવેલ છે. આ સંપ બનાવવા પાછળ રૂ. ૩૩.૯૪ લાખનો ખર્ચ થયેલ છે. આ સાત સંપ પૈકી ૧ સંપ હાલ કાર્યરત છે. જ્યારે ધમીજ, બહિયલ, કરોલી અને બારડોલી કોઠી ગ્રામ પંચાયત દ્વારા સ્થાનિક સોર્સમાંથી સીધુ પંપીંગ કરી પાણી મેળવે છે. આ ગામોના ૬ સંપોમાં ગ્રામ પંચાયતો દ્વારા પાણી ભરવામાં આવતુ નથી. જ્યારે જુથ યોજના દ્વારા આ ગામોને પાણી આપવામાં આવે ત્યારે આ સંપનો ઉપયોગ થાય છે.

● **કન્યા છાત્રાલયો**

ભાજપના શ્રી અશોકભાઈ પટેલે ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ જિલ્લામાં અનુ. જાતિના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રી સામાજિક ન્યાય અધિકારીતાએ જણાવ્યું છે કે જિલ્લામાં નવ છાત્રાલયો છે. જેમાં પાંચ ગાંધીનગર તાલુકામાં, ૨ કલોલ તાલુકામાં અને ૨ માણસા તાલુકામાં છે. આ છાત્રાલયોમાં ૪૪૨ વિદ્યાર્થીનીઓ દાખલ કરવામાં આવેલ છે.

● **શ્રમીક કાર્ડ**

કોંગીના શ્રીમતિ કામિનીબા રાઠોડે જિલ્લામાં બે વર્ષમાં અપાયેલા શ્રમિક કાર્ડ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શ્રમ અને રોજગાર મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં કુલ ૧૨,૬૧૧ શ્રમિકોને શ્રમિક કાર્ડ અપાયા છે. જેમાં ગાંધીનગરમાં ૧૯૭, માણસામાં ૩૩૪૨, કલોલમાં ૧૫૨૯ અને દહેગામમાં ૭૫૪૩ શ્રમિકોનો સમાવેશ થાય છે. મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે બાકી રહેતા ૧૭,૩૦૪ શ્રમિકોને યુ-વીન કાર્ડ આપવાની કાર્યવાહી હાલ પ્રગતિમાં છે.

## વ્યૂહરચના... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉત્તરપ્રદેશને કેટલુ મહત્વ અપાઈ રહ્યુ છે. સંઘના સુત્રોએ કહ્યુ છે કે દત્તાત્રેયને લખનૌમાં મોકલવા પાછળ ચોક્કસ હેતુ રહેલા છે. એક હેતુ ભાજપના વિદ્યાર્થી સંગઠનને મજબુત કરવાનો પણ છે.દત્તાત્રેય ઉત્તરપ્રદેશમાં સંઘ સાથે જોડાયેલા અન્ય તમામ સંગઠનો પર પણ ચાંપતી નજર રાખશે. માહોલ ભાજપની તરફેણમાં કરવાના પ્રયાસ કરવામાં આવશે. ઉત્તરપ્રદેશમાં ભાજપના અધ્યક્ષ લક્ષ્મીકાંત વાજપેયીની અવધિ આ વર્ષે સાતમી ડિસેમ્બરના દિવસે પૂર્ણ થઈ રહી છે. આવી સ્થિતીમાં ચૂંટણીના વર્ષમાં જ પાર્ટીને નવા અધ્યક્ષની પસંદગી કરવામાં આવનાર છે. હવે દત્તાત્રેયની હાજરીમાં ભાજપ પ્રદેશની અંદર પોતાની સક્રિયતાને વધારી દેવા માટે તૈયાર છે. દત્તાત્રેય પહેલા સુરેશ રાવ પણ કેટલાક દશક પહેલા ઉત્તરપ્રદેશમાં રહીને આવી ચુક્યા છે. તેઓ પણ સંઘના અખિલ ભારતીય સંયુક્ત સચિવ તરીકે હતા. દત્તાત્રેય પહેલા સંઘના વરિષ્ઠ નેતા મધુભાઈ કુલકર્ણી લખનૌમં હતા. સંઘમાં પોતાની સ્થિતીના કારણે દત્તાત્રેય નિર્ણય લેવાની સ્થિતીમાં પણ છે. બિહાર વિધાનસભાની ચૂંટણી દરમિયાન પણ દત્તાત્રેય પટણામાં રહ્યા હતા.લખનૌમાં દત્તાત્રેયની હાજરી ભાજપના ભવિષ્યને કેવા ઓપ આપે છે તે બાબત ખુબ જ મહત્વપૂર્ણ રહેશે.